| | |
|---|---|
| રજુ તારીખ | ૦૪–૦૧–૨૦૨૨ |
| દાખલ તારીખ | ૦૪–૦૧–૨૦૨૨ |
| ફૈંસલ તારીખ | ૧૩–૧૨–૨૦૨૫ |
| **સમયગાળો** | **વર્ષઃ ૦૩ માસઃ ૧૧દિનઃ૦૯** |

**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા મુખ્ય ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ**

**ફોજદારી કેસ નં. ૦૨/૨૦૨૨**

**આંક– ૧૪**

**ફરીયાદી** :– **કર્મચારી રાજય વીમા નિગમ,**
રીજીયોનલ ઓફીસ, ગુજરાત,
આશ્રમ રોડ, અમદાવાદ.
મારફતેઃ– અંકિત મલિક, સોસીયલ સીકયુરીટી ઓફીસર.

**: વિરૂધ્ધ :**

**આરોપીઓ** :– ૧. **શ્રી સુરેશ ચૌધરી (ભાગીદાર)**
ઠે. કુકાસ પોસ્ટ, તાલુકો અને જિલ્લો મહેસાણા.
૨. **શ્રી મંજલભાઈ નટરવરભાઈ પટેલ (ભાગીદારા**
ઠે. ૩૦૨, ઉમિયા તીર્થ, ગામઃ કલોલ, ગાંધીનગર.
૩. **મેસર્સ રાજદીપ એન્ટરપ્રાઈઝ**
ઠે.૬૦૧, છઠ્ઠોમાળ, શાલિન કોમ્પલેક્સ,
સેકટર–૧૧, ગાંધીનગર–૩૮૨૦૧૧

**ગુન્હોઃ– ઈ.એસ.આઈ. એકટ, ૧૯૪૮ હેઠળની ફરીયાદ**

હાજર રહયા :– ફરીયાદી તરફે :– વિ. વ. શ્રી એ.જે. ભટ્ટ
આરોપીઓ તરફે : – જાતે

**–: ચુ કા દો :–**

(૧) હાલનો ફોજદારી કેસ લેબર કોર્ટ અમદાવાદ ખાતે દાખલ થતાં અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ઉપરોકત ફરીયાદ સબંધિત મેજીસ્ટ્રેટ સમક્ષ સી.આર.પી.સી. મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ઘ્વારા સી.આર.પી.સી. મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, આરોપીઓએ ઈ.એસ.આઈ. એકટ ૧૯૪૮ **કલમ–૪૪(૨)** નો ભંગ કરેલ, જે સંદર્ભે સદરહુ કાયદાની **કલમ–૮૫(જી)** હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

(૨) ત્યારબાદ સદરહુ કેસ અત્રેની કોર્ટમાં તબદીલ થતાં આરોપી ને સમન્સ ઈસ્યુ કરતા આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત હાજર થયેલ અને ફરિયાદ તથા

તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ સી.આર.પી.સી.મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછવામાં આવેલ જેથી આરોપી વતી ઓથોરીટી આપનારે ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ, સી.આર.પી.સી. અન્વયે રજૂ કરેલ છે. આરોપી વતી ઓથોરીટી આપનારે ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપી વતી ઓથોરીટી આપનારે પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપી વતી ઓથોરીટી આપનારે હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે આરોપીપક્ષ સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીઓએ ઈ.એસ.આઈ. એકટ ૧૯૪૮ **કલમ–૪૪(૨)** નો ભંગ કરેલ, જે સંદર્ભે સદરહુ કાયદાની **કલમ–૮૫(જી)** મુજબનો ગુન્હો કરેલ છે. આરોપીપક્ષે સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીપક્ષે જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપી નં. ૨ થી નં.૯ ની ઉંમર, કેસની હકીકત,કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯ ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**–: હુકમ ::–**

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૫ મુજબ **ઈ.એસ.આઈ. એકટ ૧૯૪૮ ની કલમ–૪૪(જી)** નો ભંગ કરેલ, જે સંદર્ભે સદરહુ કાયદાની **કલમ–૮૫(જી)** ના ભંગ બદલ દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને પ્રત્યેક ભંગ બદલ **રૂા.૪,૦૦૦/– મુજબ ૧ ભંગ × ૩ આરોપીઓના મળી કુલ રૂા.૧૨,૦૦૦/– ( અંકે રૂપીયા બાર હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી જોષી પાર્થકુમાર જગદીશચંદ્ર** ને ઉપરોકત દંડની રકમ ભરવાની સજા કરવામાં આવે છે.

**(૨)** આરોપી વતી હાજર રહેનાર વ્યકિત **શ્રી જોષી પાર્થકુમાર જગદીશચંદ્ર** દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

**(૩)** આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

**(૪)** આરોપીએ ઉપર મુજબના નિયમોની ક્ષતિની પૂર્તતતા કરી દિન–૩૦ માં સંબંધિત કચેરીને જાણ કરવી.

આ હુકમ આજરોજ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૩/૧૨/૨૦૨૫
સ્થળ : અમદાવાદ.

**(કુત્બુદ્દીન નુરમોહંમદ સરવૈયા)**
જીજે૦૦૯૬૬
એડિશનલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
મુખ્ય ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ, અમદાવાદ.